




દિવાળી એટલે પ્રકાશનું પર્વ. અવનવી રંગોળી કરી આસપાસ દીવડાઓની સજાવટ દ્વારા આ પ્રકાશ પર્વની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવે છે. દિવાળી પર્વે સેક્ટર-૨-બી ખાતે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# આજે ડભોડિયા હનુમાન મંદિરે લોકમેળામાં લાખો ભક્તો ઉમટશે

ચિલોડા, તા. ૪

ગાંધીનગર જિલ્લાનું મોખરાનું સ્થાન ધરાવતું શ્રી સ્વયંભુ ડભોડીયા હનુમાનજી દાદાનું મંદિર આવેલુ છે. આશરે ૧૦૦૦ વર્ષ કરતાં વધારે પ્રાચીન શ્રદ્ધાનુ કેન્દ્ર છે. હનુમાનજી ભક્તોમાં શ્રદ્ધા અને આસ્થાનું પ્રતિક સમાન ગણાય છે. મોગલ શાસન દરમ્યાન અલ્લાઉદ્દીન ખીલજીએ પાટણ ઉપર ચઢાઈ કરેલી ત્યારે સોલંકી સંઘળાએ અહીંયા આવી આશરો લીધો હતો. આ જગ્યા ઉપર દેવગઢનું ગાઢ જંગલ આવેલુ હતુ. રાજની ગાયો અને પશુધન ચરાવવા ભરવાડો જંગલમાં આવતા હતા. તેમાંથી એક ટીલડી ગાય ટોળામાંથી છુટી પડી. નિશ્ચિત જગ્યા ઉપર ઉભી રહી નમન કરતી અને દૂધ જરી જતી હતી. સાંજ પડે ગાયોના ટોળામાં પરત આવી જતી હતી.



આ બાબતે ભરવાડોએ તપાસ કરી રાજાને જાણ કરી કંઈક ચમત્કાર લાગતાં રાજપૂરોહિતની સલાહ મુજબ ત્યાં ખોદકામ કરાયુ હતુ. હનુમાનજીની મૂર્તિ મળી આવતાં ત્યાં મોટો યજ્ઞ કરાવ્યો. મૂર્તિની સ્થાપના બાદ શ્રી ડભોડીયા હનુમાન મંદિર તરીકે સ્થાપના થઈ ત્યાં માનવ વસવાટ થયો અને ગામ બન્યું ડભોડા ગામ તરીકે ઓળખાય છે. મંદિરના જિર્ણોદ્ધાર કામ શરૂ કરવામાં આવ્યુ. હાલ યાત્રાધામ જિલ્લામાં મોખરાનું સ્થાન બન્યું છે.

પૌરાણિક સ્વયંભુ ડભોડિયા હનુમાન મંદિરે ધનતેરસ અને કાળી ચૌદસના રોજ બે દિવસ મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મંદિરના ટ્રસ્ટ દ્વારા લોકમેળાની તૈયારીઓ આરંભી ચૂકી છે. મંદિર અને માર્ગોને ઝગમગાટ રોશનીથી શણગારવામાં આવ્યા છે. ધનતેરસની રાત્રે ૧૨ વાગે મહાઆરતીમાં લાખો ભક્તજનો ઉમટશે.

મંદિરે આવતા ભક્તોના વાહનો પાર્ક કરવા માટે પાર્કીંગ વ્યવસ્થા કરવામાં આવી છે. ગામના સ્વયંસેવકો, હોમગાર્ડ અને પોલીસ જવાનો દ્વારા મેળામાં બંદોબસ્ત કરવામાં આવશે. બાળકો માટે આકર્ષિત આનંદમેળાની વ્યવસ્થા કરવામાં આવી છે. ૫મી નવેમ્બર ધનતેરસના દિવસે રાત્રે ૧૨ વાગે મહાઆરતીનું સંદેશ ન્યુઝ ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવશે.

# દિવાળીના બજારમાં ફુલોના ભાવ આસમાને

ગાંધીનગર, તા.૪

દિવાળીના દિવસો જેમ જેમ નજીક આવતા જાય છે તેમ ફુલ બજારમાં તેજી જોવા મળે છે. સામાન્ય દિવસોમાં પોષાય તે ભાવે મળતા ફુલો દિવાળીના દિવસોમાં માંગ વધતા ભાવ આસમાનને આંબે છે. શહેરના ફુલ બજારમાં અગીયારશથી ફુલોના ભાવ ઉંચકાયા છે તો



લાભ પાંચમ સુધી વિવિધ ફુલના ભાવમાં તોંતિગ વધારો જોવા મળશે. દિવાળીના દિવસોમાં પૂજા-અર્ચના, આરતી સહિતની પૂજાવિધી માટે ફુલનું મહત્વ હોવાથી ફુલોની માંગ વધુ હોય છે અને ફુલોની આવક જરુરીયાત કરતા ઓછી હોવાથી ભાવમાં તફાવત સર્જાય છે. હાલના સમયે ગલગોટાનો કિલોનો ભાવ રૂ. ૪૦ થી ૫૦, ગુલાબ કિલોનો ભાવ રૂ. ૧૬૦ થી વધુ, સેવંતીના ફુલ રૂ. ૧૫૦ થી ૨૦૦, પારસના ફુલ રૂ.૪૦૦ થી ૫૦૦, તેમજ કમળના એક ફુલના રૂ.૩૦ હોય છે. જયારે સમાન્ય દિવસોમાં ગલગોટાના ફુલનો હાર રૂ.૧૦ માં મળતો હોય છે તે ભાવ વધવાને પગલે રૂ.૨૦ માં મળે છે, જયારે છુટક કળીઓ અને ગુલાબના હારના ભાવ પણ આસમાનને આંબે છે. અગીયારસથી લાંભ પાંચમ અને લગ્નસરાની સિઝનમાં ફુલના ભાવમાં વધારો નજરે પડતો હોય છે. જયારે સામાન્ય દિવસોમાં ફુલ બજાર માર્કેટ યથાવત રહેલું જોવા મળે છે. તહેવારના દિવસોમાં ગમે તેટલા ફુલનો ભાવ વધુ ઉંચકાય તેમ છતા નાગરીકો પૂજા અર્ચના માટે ફુલ તેમજ હાર ગમે તેટલા રૂપીયા આપીને પણ ખરીદી કરતા અચકાતા નથી. દિવાળીના પાવન દિવસોમાં પૂજા અર્ચના અને વાહનો પર ફુલોના હાર લગાવવામાં આવતા હોવાથી તેની માંગ વધુ હોય છે.

# આજે શહેરમાં ધનતેરસનું પર્વ ઉજવાશે

**શહેરીજનો લક્ષ્મીપૂજન કરશે : આયુર્વેદના તબીબો ભગવાન ધનવન્તરીનું પૂજન કરશે : સોના-ચાંદી સહિત વાહનોની ખરીદીમાં તેજી જોવા મળશે**

ગાંધીનગર, તા. ૪

ધનતેરસનું પર્વ સુખ, સંપદા અને ઐશ્વર્યનું પર્વ છે. ગાંધીનગરમાં તા. ૫મી નવેમ્બર સોમવારે ધનતેરસનું પર્વ પરંપરાગત રીતે ઉજવાશે જેમાં શહેરીજનો દ્વારા લક્ષ્મીપૂજન તથા આયુર્વેદના તબીબો દ્વારા ધનવન્તરી પૂજન કરવામાં આવશે. આ સાથે શહેરના જ્વેલર્સ, સોના-ચાંદીના દાગીનાના વેપારીઓ તથા વાહનોના શૉ રૂમ સહિત બજારમાં ખરીદીનો માહોલ જોવા મળશે.

આજે વાઘવારસ સાથે જ આજે દિવાળીના પર્વનો વિધિવત પ્રારંભ થઈ ગયો છે અને આવતીકાલે શહેરમાં ધનતેરસ ઉજવાશે. ભારતીય સંસ્કૃતિમાં ધનતેરસે મહાલક્ષ્મીની પૂજાને મહત્વ આપવામાં આવ્યું છે અને આ પર્વે કરેલી પૂજા-આરાધના મોટુ ફળ આપે છે તેવી શ્રધ્ધાળુઓમાં માન્યતા છે. ધનતેરસના દિવસે શહેરના લગભગ દરેક ઘરમાં લક્ષ્મીપૂજન યોજાય છે. આ સાથે ધનતેરસનો દિવસ વૈદ્ય ધનવન્તરી અને અમૃત પ્રાગટ્ય દિવસ કહેવાય છે. પૌરાણિક કથા મુજબ સમુદ્રમંથનમાંથી ધનતેરસના દિવસે ભગવાન ધનવન્તરી પોતાના હાથમાં અમૃત કળશ લઈને પ્રગટ થયાં હતા. આયુર્વેદના દેવ ગણાતા ભગવાન ધનવન્તરીની પણ ધનતેરસના દિવસે પૂજા અર્ચના કરવામાં આવે છે તેથી ગાંધીનગરની આયુર્વેદ તબીબો ભગવાન ધનવન્તરીની પૂજા-આરાધના કરશે.

ધનતેરસ એ સોના-ચાંદી ઉપરાંત નવા વાહનો કે અન્ય ઘરઉપયોગી ઉપકરણો વગેરે ખરીદવા માટે વણજોયું મૂહુર્ત ગણાય છે તેથી શહેરના બજારોમાં ખરીદી માટે ભીડ જોવા મળશે. ખાસ કરીને શહેરના સોના-ચાંદીના વેપારીઓ, જ્વેલર્સ તથા વાહનના શૉરૂમ, ઈલેક્ટ્રોનિક્સ અને ફર્નિચરના શૉ-રૂમ પર ગ્રાહકોની ભીડ જોવા મળશે.

**ધનતેરસે લક્ષ્મીપૂજનના શુભ મૂહુર્તો**

| | | |
|---|---|---|
| ● સવારે | અમૃત ચોઘડીયું | ૬.૪૯ થી ૮.૫૩ |
| ● સવાર | શુભ ચોઘડિયું | ૯.૩૫ થી ૧૦.૫૮ |
| ● બપોરે | ચલ, લાભ ચોઘડિયું | ૧૩.૪૯ થી ૧૯.૩૬ |
| ● રાત્રે | લાભ ચોઘડિયું | ૨૨.૪૯ થી ૨૪.૨૭ |

# દિવાળીમાં અક્ષરધામ ૧૦ હજાર દિવડાથી ઝગમગી ઉઠશે

ગાંધીનગર ખાતે છેલ્લા ૨૬ વર્ષથી શાંતિ, સદ્ભાવ અને સંવાદિતાનો સંદેશ પ્રસરાવતુ ભારતીય સાંસ્કૃતિક પરિસર ''અક્ષરધામ'' દિવાળી પર્વે ૧૦ હજાર દિવડાંઓના શણગાર સાથે ઝળહળી ઉઠશે. આગામી તા. ૭મી નવેમ્બર દિવાળીના દિવસથી તા. ૧૨મી નવેમ્બર લાભ પાંચમ સુધી દરરોજ સાંજે ૬ થી ૮ દર્શનાર્થીઓ દિપ માળાના દર્શનને માણી શકશે. દર વર્ષે દિવાળી પર્વમાં યોજાતી આ દિપમાળાના દર્શનથી ''સત્યમ-શિવમ-સુન્દરમ''ની અનુભૂતિ દર્શનાર્થીઓના હૃદયવીણાના તારને ઝંકૃત કરે છે.

# ચિલોડા વિસ્તારમાં મગફળી-ડાંગર-કપાસના ઉત્પાદનમાં ઘટાડો થતાં ખેડૂતો ચિંતાતુર

ગુજરાતમાં ચાલુ સાલે મેઘરાજાના રીસામણાંથી ખેતીમાં પાણીની ખેંચથી ખરીફ પાકોના ઉત્પાદન પર વિપરીત અસરો વર્તાઈ રહી છે. કપાસના પાકમાં સુકારો, મગફળીમાં પાણીની ખેંચથી માવજતનો અભાવ અને ડાંગર પિયત પાણીથી માંડ માંડ પાકને બચાવવા ખેડૂતોની તનતોડ મહેનત બાદ અંતે ઉત્પાદનમાં ધરખમ ઘટાડાથી ખેડૂતઆલમમાં વર્ષ નબળુ પુરવાર થતાં એક સાંધતા તેર તૂટે તેવી સ્થિતિથી તહેવારોની ઉજવણીમાં મૂડ જણાતો નથી.





ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ મગફળીનું વાવેતર થયુ હતુ. ચિલોડા પંથકમાં મગફળી, કપાસ, ડાંગર તથા શાકભાજીનું સારા પ્રમાણમાં વાવેતર થયું હતું. પરંતુ વધુ વરસાદની આશાથી ખેડૂતોએ વાવેતર કરી દીધુ હતુ. ત્યારે હાલમાં ડાંગરની કાપણી અને મગફળી કાઢવાની, કપાસની વીણીનું કામ અંતિમ તબક્કામાં પૂરજોસમાં ચાલી રહ્યું છે. ઠેર ઠેર ખેતરોમાં ખેડૂતો અને ખેતમજૂરો કામે લાગી ગયા છે. ત્યારે મગફળી પાક લેવામાં ખેડૂતો અંતિમ કામગીરી બાદ ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા રજીસ્ટ્રેશન કરવા દોડધામ કરી રહ્યા છે. મગફળીનો સૂકો ભુકો દુધાળા પશુઓ માટે ખૂબ પોષણ આહારને કારણે ચિલોડા-મગોડી-ઈસનપુરમોટા, શિનવપુરા કંપાથી અન્ય પશુપાલકો વાહનો ભરીને સંગ્રહ કરવા મજબૂર બન્યા છે. જ્યારે ચિલોડા-દહેગામ માર્કેટ યાર્ડમાં ડાંગરના વેચાણ માટે ટ્રેક્ટરો ભરી ખેડૂતો લાઈવ લગાવી રહ્યા છે. હાલમાં ચિલોડા માર્કેટયાર્ડમાં ડાંગરનું વેચાણ રૂ. ૩૫૦થી ૩૮૦ સુધીનો ભાવ ખેડૂતોને મળતાં રાહતની લાગણીપ્રવર્તી રહી છે. મગોડી વિસ્તારમાં મગફળી માટે ખેતમજૂરો નીચે પડેલ મગફળી વીણવામાં કામે લાગતાં રોજગારી મેળવી રહ્યા છે. આમ છતાં ખેડૂતોમાં ખેત ઉત્પાદન ખર્ચ અને ઉપજનો મોટો તફાવતથી ખેડૂતોમાં ચિંતાજનક સ્થિતિ પ્રવર્તી રહી છે.

# નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ આચાર્ય સુનીલ સાગરજીના દર્શનાર્થે પધાર્યા

ગાંધીનગર, તા. ૪

ગઈ કાલે ગુજરાતના ડે. સી.એમ. નીતિનભાઈ પટેલ સન્મતિ સમવશરણ ગાંધીનગરમાં આચાર્ય સુનીલ સાગરજી મહારાજના દર્શનાર્થે પધાર્યા હતા. જ્યારે તેઓ આચાર્ય પાસે આવ્યા ત્યારે ગુરુદેવ મૌનમાં હતા અને શ્રાવકોએ કીધું કે તમે થોડા સમય રોકાવો ત્યારે વાત થઈ શકશે. તેમણે ખૂબજ શ્રદ્ધાપૂર્વક વંદન કર્યું અને કહ્યું કે આચાર્યની શાંત મુદ્રા જોતા જ મનમાં અહેસાસ થાય છે કે અહિં અહિંસા અને કરુણાની ધારા વહે છે. સ્વાધ્યાય પૂરા થયા પછી ગુરુદેવે તેમણે પ્રાકૃત ભાષાની સ્વરચિત શ્રેષ્ઠ કૃતિ સુનીલ પ્રાકૃત સમગ્ર ભેટ કરી. તેમાથી નીતિનભાઈએ જોઈને બાહુબલી સ્વામીજીની સ્તુતિનો પઠન કર્યુ અને કહ્યુ કે ખરેખર પ્રાકૃત ભાષા સંસ્કૃત કરતાયં જૂની છે.

આ પ્રસંગે આચાર્ય સુનીલ સાગરજીએ કહ્યું કે જ્યારે વ્યક્તિ વિનમ્ર બને છે ત્યારે જ તેમના મુખથી સારા શબ્દો નિકળે છે. તેથી જાવનમાં મૃદુ બનો, મુલાયમ બનો એના વગર સંતોના દર્શન શક્ય નથી. જો પાસે પુણ્ય અને પવિત્રતા ના હોય તો દિગંબર સંતોના દર્શન દુર્લભ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રામાયણ ટીવી સિરિયલમાં 'લંકેશ'નું પાત્ર ભજવનાર પીઢ ગુજરાતી અભિનેતા અને પૂર્વ સાંસદ અરવિંદ ત્રિવેદીએ પણ આચાર્ય સુનીલ સાગરજીની મુલાકાત લીધી હતી.



**એજન્સીઓ આપવાની છે**

એલ્યુ. વાસણ, NON STIC Item, House Foil, Circle, SHEET, COIL, HANDICRAFT માટેની FOIL વગેરે ખરીદવામાં રસ ધરાવતી તથા SCRAP વેચવામાં રસ ધરાવતી ખમતીદાર પાર્ટીઓએ સંપર્ક કરવો.

**સંપર્ક : સચેતા મેટલ્સ લિમીટેડ**

Contact No. 09820035517/09324425948/9974612008
Fax No. : 02770 220839
Email ID : sacheta@sacheta.com/ sachetafoil.caps@yahoo.com

નવું વર્ષ સૌ માટે સુખદાયી, ફળદાયી નીવડે એવી કામના
**સૌ મિત્રોને નૂતનવર્ષાભિનંદન**



**મહંમદ ઈસ્માઈલ પઠાણ (ભગત)**

મહામંત્રી : લઘુમતિ મોરચો ભાજપ, ગાંધીનગર જિલ્લા
કારોબારી સભ્ય : લઘુમતિ મોરચો, ગુજરાત પ્રદેશ
પ્રભારી : ગાંધીનગર મહાનગર લઘુમતિ મોરચો

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**સેવાકીય અને સંસ્કારલક્ષી કાર્યક્રમો થકી ગત ૨૫ વર્ષોથી કાર્યરત સામાજિક સંસ્થા**

**ભારત વિકાસ પરિષદ**
ગાંધીનગર
તરફથી
સર્વે સભ્યો અને નગરજનોને
નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ

મુકેશ રાવલ — પ્રમુખ
નરેન્દ્રભાઈ પટેલ — મંત્રી

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ